## <u>સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીગ</u>

<u>આંક–૧ અન્વયે હુકમ:</u> ફોજદારી કેસ નં.7363/2022

તપાસ કરનાર અમલદારે તેમની તપાસના અંતે અદાલતમાં આરોપી વિરુઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૧ અન્વયે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

તપાસ કરનાર અમલદારે આરોપી વિરુઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ અંગેની ચાર્જશીટ કરવામાં આવેલ છે તેના અનુસંધાનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭ તા.૨૯–૦૭–૨૦૧૭ ના રોજ આ અંગે વહીવટી સુચના આપવામાં આવેલી છે જે વહીવટી સુચનાઓ ઘ્યાને લેવામાં આવી છે. આ ઉપરાંત આ તબકકે ક્રિમીનલ પ્ર ોસીજર કોડની કલમ–૧૯૫(૧) માં કરવામાં આવેલી વૈધાનિક જોગવાઈ ઘ્યાને લેતાં આ જોગવાઈ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબના ગુન્હાની ફરીયાદ જે તે જાહેર સેવકના જાહેરનામાનો ભંગ કરવામાં આવેલ હોય તે કે, તે જાહેર સેવક જેના તાબા હેઠળ કામ કરતો હોઈ એટલે કે, આવું જાહેરનામું બહાર પાડનાર અધિકારીના ઉપરી અધિકારી હોય તેવા જાહેર સેવકની ફરીયાદ એટલે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨(ડી) મુજબની ફરીયાદ વગર અદાલત ઘ્વારા સદર ગુન્હાના કામે કોગ્નીઝેન્સ લઈ શકે નહી કે, કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી. નામદાર સુપ્રિમ કોર્ટ દોલતરામ વિરુઘ્ધ પંજાબ રાજય, એ.આઈ.આર.૧૯૬૨, પેજ નં.૧૨૦૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ રતનલાલ ડુંગરજી પટેલ વિરુઘ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૯૯૮૬/૨૦૧૪ તેમજ નામદાર પટના હાઈકોર્ટે ગૌરી શંકર ઝા વિરુઘ્ધ ચિંતનનાથ ઝા તેમજ નામદાર દિલ્લી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલ વિરુઘ્ધ અમીત ચીબલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૮૯૨૦/૨૦૧૩ ના કેસમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ રેસીયો ઘ્યાને લેતાં, આરોપી વિરુઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ ગુન્હા સબબની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ માં કરવામાં આવેલ વૈધાનિક જોગવાઈનું પાલન કર્યા સિવાય ચલાવી શકાય નહી.

આ કામમાં તપાસ કરનાર અમલદાર ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૧ અન્વયેનો પણ ચાર્જ મુકવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજય વિરુઘ્ધ ભીમજી માનજી ૧૯૮૬ ક્રિમીનલ લો જનરલ પેજ નં.૧૫૬, કેસવ લાલ ઠાકોર વિરુઘ્ધ બિહાર રાજય ૧૯૯૬(૧૧) એસ.સી.સી. પેજ નં.૫૫૭ માં કરવામાં આવેલી જોગવાઈ તેમજ નામદાર

ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૫૨૨૬/૨૦૦૭ તેમજ મોહીન બસા હાજી અબ્દુલ ગફાર વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકના કેસ લો ધ્યાને લેતાં તેમજ સી.આર.પી.સી. કલમ–૪ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં ગુજરાત પોલીસ એકટની કલમ–૯૦ (૧), ૧૧૮ અને કલમ–૧૪૩(બી) ના ગુન્હા સીવાયના બીજા ગુન્હા નોનકોગ્નીઝેબલ ગુન્હા રહેલા છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨) ની કરવામાં આવેલી જોગવાઈ ધ્યાને લેતાં તપાસ કરનાર અમલદાર ધ્વારા આવી વૈધાનિક જોગવાઈઓનું પાલન કરવામાં આવેલુ હોય તેવું રેકર્ડ ઉપર જણાઈ આવતું ન હોઈ આ તમામ હકીકતો ધ્યાને લેતાં જયારે વૈધાનિક જોગવાઈઓનો સ્પષ્ટ પણે ભંગ કરવામાં આવેલ હોય ત્યારે અને તેવાં તબકકે ક્રિમીનલ ટ્રાયલ ચલાવવામાં આવે તે કોઈ પણ રીતે યોગ્ય ગણી શકાય નહી. કારણ કે, તેનાથી કોઈ પરિણામમાં ફેર આવતો ન હોઈ આથી આજરોજ વડી કચેરી ધ્વારા સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય તે બાબતની નોંધ લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આરોપી વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ સદર ફોજદારી કેસના પ્રોસીડીંગ્સ ડ્રોપ કરવાનો હુકમ કરવામાં આવે છે. ફરીયાદ પક્ષ આ બાબતે કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી કરી શકશે.

હુકમ આજરોજ તા.૧૨ મી માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

**તારીખ : ૧૨–૦૩–૨૦૨૨**
**અમદાવાદ.**

**(બી.આર.રાજપુત)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૫, અમદાવાદ**
**કોડ નં. જીજે૦૦૮૨૬.**